SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807

**એકેડેમિક વિભાગ**
તા.૦૬/૦૮/૨૦૨૬

# પરિપત્ર

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં તમામ વિદ્યાર્થીઓના ૧૦૦% **ABC/APAAR ID** નોંધણી કરવા બાબત...

સંદર્ભ: (૧) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: **KCG/DL/**૨૦૨૬/૯૭૧, તા.૦૫/૦૮/૨૦૨૬.
(૨) યુનિવર્સિટી પરિપત્ર ક્રમાંક ડી/૧૦/૩૦૧૧, તા.૨૮/૦૭/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે યુનિવર્સિટીના તમામ વિભાગોના વડાશ્રીઓ તેમજ સંલગ્ન સરકારી, ખાનગી અને ઓટોનોમસ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **(NEP 2020)** અંતર્ગત વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્રેડિટ ડિજિટલ સ્વરૂપે સંગ્રહિત કરવા માટે 'એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ' **(ABC)** અને **APAAR ID** એ એક અત્યંત મહત્વપૂર્ણ અને ગતિશીલ પ્લેટફોર્મ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં એનરોલ થયેલા તમામ વિદ્યાર્થીઓના ૧૦૦% **ABC / APAAR ID Create** અને **Capture** કરવા ફરજિયાત છે.આથી, સર્વ વિભાગીય વડાશ્રીઓ અને આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપની સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલા તમામ વિદ્યાર્થીઓની આ પ્રક્રિયા આગામી તારીખ ૧૭/૦૮/૨૦૨૬ સુધીમાં ૧૦૦% પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ કામગીરીને સર્વોચ્ચ અગ્રતા આપી સમયમર્યાદામાં પૂર્ણ કરવા વિનંતી છે.

નંબર: ડી/૧૦/ 3212
તારીખ:૦૬/૦૮/૨૦૨૬
વલ્લભ વિધ્યાનગર.

કુલસચિવ

બિડાણ :
(૧) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: KCG/DL/૨૦૨૬/૯૭૧, તા. ૦૫/૦૮/૨૦૨૬.
(૨) યુનિવર્સિટી પરિપત્ર ક્રમાંક ડી/૧૦/૩૦૧૧, તા.૨૮/૦૭/૨૦૨૬.

No: KCG/DL/2026/971

કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી
બ્લોક નં. ૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
તારીખ : 05/08/2026

सत्यमेव जयते

દિલીપ રાણા, આઈ.એ.એસ.
કમિશનર

વિષય: વર્ષ ૨૦૨૬-૨૭માં તમામ વિદ્યાર્થીઓનાં ૧૦૦% **ABC/APAAR ID Create / Capture** કરવા બાબત.....

શ્રીમાન,

એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ(**ABC**) એ **NEP 2020** મુજબ રાષ્ટ્રીય સ્તરની ક્રેડીટ આધારિત વિદ્યાર્થી કેન્દ્રિત અને વિદ્યાર્થીઓ માટે તેમની શૈક્ષણિક ક્રેડીટ સંગ્રહિત કરવા માટેનું અત્યંત ગતિશીલ ડીજીટલ પ્લેટફોર્મ છે તેનો મુખ્ય હેતુ સમગ્ર ઉચ્ચ શૈક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સુગમતા(**Flexibility**) સક્ષમ કરવાનો છે.

કેસીજી નાં તા. ૧૦/ [illegible]/૨૦૨૬ નાં પત્ર ક્રમાંક:**KCG/Digi locker/849** અનુસાર રાજ્યની તમામ સરકારી, ખાનગી અને સેકટોરલ યુનિવર્સીટીઓ તથા ઓટોનોમસ કોલેજોએ વર્ષ ૨૦૨૬-૨૭માં વિદ્યાર્થીઓના પોતાની સંસ્થામાં થયેલ એનરોલમેન્ટની સામે તમામ વિદ્યાર્થીઓનાં ૧૦૦% **ABC/APAAR ID Create / Capture** કરવાની સુચના આપવામાં આવેલ છે.

આમ, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદના કારણે વિદ્યાર્થીઓના એડમીશનની કામગીરી યુનિવર્સીટી દ્વારા લંબાવવામાં આવેલ છે. આમ, વર્ષ ૨૦૨૬-૨૭માં આપની યુનિવર્સીટીમાં અને યુનિવર્સીટી ની **Affiliated** કોલેજોમાં અને ઓટોનોમસ કોલેજોમાં પ્રવેશ મેળવેલા તમામ વિદ્યાર્થીઓનાં ૧૦૦% **ABC/APAAR ID Create / Capture** થાય તે મુજબની કામગીરી આપની યુનિવર્સીટીમાં અને યુનિવર્સીટી ની **Affiliated** અને ઓટોનોમસ કોલેજો માં તા.૧૩/૦૮/૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

આભાર સહ...

Yours Sincerely

દિલીપ રાણા (**IAS**)
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા. અને
સીઈઓ, કેસીજી

પ્રતિ,

1. કુલપતિશ્રી/પ્રોવોસ્ટ, તમામ સરકારી, ખાનગી અને સેકટોરલ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય.

ફોન : +૯૧-૭૯-૨૩૨૫૪૦૦૦, +૯૧-૭૯-૨૩૨૫૨૨૪૦, ઈ-મેઈલ: commi-highedu@gujarat.gov.in

SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu
Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ
તા.28/07/२०२६

# પરિપત્ર

સંદર્ભ : વિદ્યાર્થીઓની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ (ABC) / APAAR ID ની નોંધણી બાબત.

ઉપરોક્ત સંદર્ભે સવિનય જણાવવાનું કે, યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના વિદ્યાર્થીઓના ABC / APAAR ID ની નોંધણી કરાવવી ફરજિયાત છે.

આથી સર્વે વિભાગીય વડાશ્રીઓ અને આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપના વિભાગ/કોલેજના વિદ્યાર્થીઓના સબમિટ થયેલા ABC/APAAR IDની યાદી બિડાણ સાથે સામેલ છે. આપને વિનંતી છે કે, આ યાદીની ત્વરિત ચકાસણી (Verify) કરી લેવી અને જે વિદ્યાર્થીઓની ABC/APAAR ID બનાવવાની કામગીરી બાકી હોય (ID Creation Pending), તેઓની નવી ABC/APAAR ID તાકીદે જનરેટ કરાવી તેને અપડેટ કરવા માટે આગળની ઘટીત કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(નોંધ : નવી ABC/APAAR ID ઉમેરવા અથવા અપડેટ કરવાની વિગતવાર સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા આ પરિપત્રની સાથે બિડાણ સાથે સામેલ છે.)

નંબર: ડી/૧૦/૩૦૧૧
તારીખ:30/7/२०२६
વલ્લભ વિધ્યાનગર.

કુલસચિવ

બિડાણ:

(૧) વિભાગવાર/ કોલેજવાર ABC/APAAR ID દર્શાવતી યાદી.

(૨) ABC/APAAR ID ઉમેરવા/અપડેટ કરવાની સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા.